ભારત સરહદે પાકિસ્તાનનો ગોળીબાર : બેના મોત

જમ્મુ, તા.૨૩

જમ્મુ જિલ્લામાં આરએસ પુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બીએસએફની ૨૨ ચોકીઓ પર પાકિસ્તાને ભીષણ ગોળીબાર કરતા તંગદીલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાને કોઈપણ ઉશ્કેરણી વગર ૨૨ સરહદી ચોકી પર ગોળીબાર કરી દહેશત ફેલાવી હતી. અરણિયા અને આરએસપુરાના સમગ્ર સરહદી પટ્ટા પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીએસએફના જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરીને યોગ્ય જવાબ આપ્યો હતો. ગોળીબારનો દોર આજે દિવસ દરમિયાન પણ જારી રહ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ ૮૨ એમએમ મોર્ટારનો મારો ચલાવ્યો હતો સાથે-સાથે આધુનિક હથિયારોનો ઉપયોગ પણ કર્યો હતો. આ વર્ષે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલો આ સૌથી ભીષણ ગોળીબાર છે. ૨૦૦૩માં યુદ્ધવિરામની સમજુતી અમલી બનાવવામાં આવી હતી. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ભીષણ ગોળીબારમાં બે લોકોના મોત થયા છે અને અન્ય અનેક લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાક ગંભીરરીતે ઘાયલ થયા છે. જે લોકોના મોત થયા છે તેમની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં મોહમ્મદ અકરમ અને તેમના ૧૩ વર્ષીય પુત્ર અસ્લમનો સમાવેશ

થાય છે. ગોળીબારમાં અન્ય સાત લોકો ઘાયલ થયા છે. જેમાં અકમરની પત્નિ અને તેમના ત્રણ બાળકોનો સમાવેશ થાય છે.

મહિનામાં ૨૨ વખત ગોળીબાર

યુદ્ધવિરામ ભંગ જારી.....

જમ્મુ,તા.૨૩

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ જારી રાખ્યો છે. પાકિસ્તાને આ મહિનામાં ૨૨ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. પાકિસ્તાને અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર સતત જારી રાખતા હવે યુદ્ધવિરામની સમજુતી પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. આગામી દિવસોમાં આ અંગે નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે.

મહિનો	યુદ્ધવિરામના ભંગ
એપ્રિલ-મે	૧૯
જૂન	૦૫
જુલાઈ	૦૮
ઓગસ્ટ	૨૨

નાગરિકો પર પાકિસ્તાને ગોળીબાર કરતા સામાન્ય લોકોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યું છે. ગોળીબારમાં બીએસએફના એક જવાનને પણ ઈજા થઈ છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આજે સવારે આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાને ભારે ગોળીબાર કર્યો હતો. તમામ ઘાયલ થયેલા લોકોને સારવાર માટે જમ્મુ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીએસએફની ચોકીને ટાર્ગેટ બનાવવા માટે પાકિસ્તાની સોનિકોએ ભારે હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આરએસપુરા સેક્ટરમાં બીએસએફની ૧૭ બોર્ડર આઉટપોસ્ટ અને આંતરરાષ્ટ્રીય સરહદ પર અરનિયા સબ સેક્ટરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારમે ત્રણ ગામોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પાકિસ્તાની સૈનિકોએ ગઈકાલે પણ સવારે ફરીએકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય બીએસએફની ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. જેના કારણે તંગદીલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની જવાનોએ કોઈ પણ ઉસ્કેરણીવગર ગોળીબાર કરતા સ્થિતી તંગ બની હતી.

ભારતીય મૂળના વિદ્યાર્થીએ રેકોર્ડ તોડ્યો

બ્રિટનમાં તમામ મુખ્ય પાંચ વિષયમાં ૧૦૦ ટકા માર્ક્સ

લંડન,તા. ૨૩

ભારતીય મૂળના એક વિદ્યાર્થીએ બ્રિટનમાં ખળભળાટ મચાવી દીધો છે. અસાનિશ કલ્યાણસુંદરમે બોર્ડના પાંચેય મુખ્ય વિષયોમાં ૧૦૦ ટકા માર્ક્સ મેળવ્યા છે. કલ્યાણસુંદરમને બ્રિટનના સૌથી તેજસ્વી વિદ્યાર્થી તરીકે ગણવામાં આવી રહ્યો છે. કલ્યાણસુંદરમને ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને ક્રિટિકલ થિંકિંગમાં પુરેપુરા માર્ક મળ્યા છે. ૧૮ વર્ષના કલ્યાણસુંદરમે પોતાની આ સફળતા અંગે પ્રતિક્રિયા કરતા કહ્યું છે કે, તે આ સિદ્ધિથી ખુબ જ ખુશ છે. ઓક્ટોબર મહિનાથી તે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મેડિકલમાં અભ્યાસ કરશે. તે સર્જન બનવા ઈચ્છુક છે પરંતુ કયા શરીરના હિસ્સાના સર્જન તરીકે તે બનવા માંગે છે તે અંગે કોઈ ખુલાસો કર્યો નથી. કલ્યાણસુંદરમ લંકાશાયરમાં પોતાની માતા સુજાતાની સાથે રહે છે. તે સેન્ટ જોસેફ પાર્ક હિલ સ્કૂલનો વિદ્યાર્થી છે અને બેડમિંટનમાં પણ ખુબ સારો ખેલાડી છે. સ્કૂલના પ્રવક્તાનું કહેવું છે કે, અસાનિશની યોગ્યતા બિલકુલ અલગ છે. તે સ્કૂલની અંદર અને બહાર જેટલી તક મળે છે તે તકમાં ભાગ લેતો રહે છે. કલ્યાણસુંદરમે ડ્યુક ઓફ એડિનબરામાં ગોલ્ડ એવોર્ડ પણ જીતી ચુક્યો છે. નવેમ્બરમાં તે લંડન જશે જ્યાં મહારાણી એલિઝાબેથ-૨ ના પતિ પ્રિન્સ ફિલિપ દ્વારા સન્માન કરવામાં આવશે. ભારતીય મૂળના આ વિદ્યાર્થીની અસામાન્ય સફળતાથી સમગ્ર બ્રિટનમાં આની ચર્ચા છે. તેની અસાધારણ કુશળતાની તમામ શૈક્ષણિક જગતમાં પણ નોંધ લેવામાં આવી છે. એક ખુબ જ અસામાન્ય સર્જન તરીકે તે ઉભરી આવશે તેમ પણ માનવામાં આવે છે.

દેશમાં યુપીએસસીની આજે પરીક્ષા લેવાશે

યુપીએસસી પરીક્ષા મોકૂફ રાખવા સુપ્રીમનો ઈનકાર

નવીદિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટે આવતીકાલે નિર્ધારિત સમય મુજબ યોજાનારી યુપીએસસીની પ્રાથમિક પરીક્ષા ઉપર સ્ટે મુકવાની માંગ કરીને સિવિલ સર્વિસના દાવેદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને આજે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, યુપીએસસીની પરીક્ષાને મોકૂફ રાખવાનો કોઈ પ્રશ્ન નથી. પરીક્ષાને મોકૂફ રાખવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આવતીકાલે યોજાનારી પરીક્ષામાં નવ લાખ વિદ્યાર્થીઓ બેસવા માટે તૈયાર થઈ ચુક્યા છે ત્યારે આવી સ્થિતિમાં હાલના તબક્કે પરીક્ષાને મોકૂફ રાખવાનો કોઈ મતલબ નથી. કમ્પ્રેહેન્સન પાર્ટ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ ભાગ પહેલાથી જ દૂર કરવામાં આવી ચુક્યો છે. કોર્ટે અરજીદારને કહ્યું હતું કે, ખામીઓને દૂર કરી દેવામાં આવી છે.

શુક્રવારના દિવસે પણ દિલ્હી હાઈકોર્ટે આવી જ એક અરજીને ફગાવી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે પ્રાથમિક પરીક્ષાના ઈંગ્લીશ કમ્પ્રેહેન્સન ભાગમાં પ્રશ્નનો જવાબ ન આપવા સિવિલ સર્વિસના દાવેદારોને સૂચના આપવાનો યુપીએસસીના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી આવી જ એક અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે અરજીદારને સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ (કેટ)માં રજૂઆત કરવા સૂચના આપી હતી અને કહ્યું હતું કે, કેટ સર્વિસ મામલો ધરાવે છે. સિવિલ સર્વિસના ઉમેદવાર માટે ઉપસ્થિત રહેલા વકીલે કહ્યું હતું કે, જો અંગ્રેજી કમ્પ્રેહેન્સિવ વિભાગમાં પ્રશ્નોને લઈને ગૂંચ રહેશે તો હજારો વિદ્યાર્થીઓના ભાવિ ઉપર પ્રશ્નો થશે. કમ્પ્રેહેન્સિવ સેક્શનમાં ૨૦૦ પાર્ક પૈકી ૨૨.૫ માર્ક રહે છે. કેન્દ્ર સરકારે સિવિલ સર્વિસ પરીક્ષામાં ઈંગ્લીશ કમ્પ્રેહેન્શન ટેસ્ટ મામલે વિદ્યાર્થીઓના વિરોધ બાદ હાલમાં જ વચગાળાનો ચુકાદો આપ્યો હતો અને સીસેટમાં અંગ્રેજી ભાષાના પ્રશ્નોને દૂર કરવાનો નિર્ણય કર્યો છે. મોડેથી યુનિયન પબ્લિક સર્વિસ કમિશને પણ આ નિર્ણયનો બચાવ કર્યો હતો. યુપીએસસી દ્વારા પહેલાથી જ કહેવામાં આવી ચુક્યું છે કે, પેપર-૨ માં ઈંગ્લીશ ભાષાના કમ્પ્રેહેન્સન કુશળતા ઉપર એક સેક્શનને રોકશે.

ઉત્તરપ્રદેશમાં પુરની સ્થિતી હજુ ગંભીર : મૃત્યુઆંક ૯૦

લખનૌ,તા. ૨૩

ઉત્તરપ્રદેશમમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. કારણ કે ઓછામાં ઓછા ૨૦ બંધમાં હાલત ચિંતાજનક છે. ૧૧ અસરગ્રસ્ત જિલ્લામાં ૨૦ બંધમાં પાણીની સપાટી વધી ગઈ છે. રાજ્યના ૧૩ જિલ્લામાં રહેતા લાખો લોકો પુરના સકંજામાં આવી ગયા છે. કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહે ગઈકાલે રાજ્યમાં પુરની સ્થિતીની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું હતું કે હાલત કફોડી છે. સિંહે હવાઈ સર્વેક્ષણ પણ કર્યુ હતુ. સિંહ ગોરખપુર, બલરામપુર, ગોન્ડા, બસ્તી અને બાહરેચ જિલ્લામાં પણ ગયા હતા અને કેન્દ્રિય મદદની લોકોને ખાતરી આપી હતી. સિંહે પુરના કારણે માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીને ૧.૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. રાજ્યમાં મોતનો આંકડો વધીને ૯૦ ઉપર પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશમાં પણ હવે પુરની સ્થિતી વણસી ગઈ છે. પુરના કારણે હજુ સુધી ૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૫૦૦ ગામો પુરના પાણી હેઠળ આવી ગયા છે. ૧૭૦૦૦ જેટલા લોકો ઘરવગરના થઈ ગયા છે.અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. નેપાળમાં ભારે વરસાદ અને ઘાઘરા, સારદા અને રાપ્તી નદીમાં પાણીની સપાટી સતત વધી છે. જેથી છ લાખ હેક્ટર પાક જમીન પણ પાણીમાં છે. રાપ્તી નદીના રોદ્ર સ્વરૂપના કારણે બલરામ જિલ્લા અને ગોરખપુર જિલ્લાના અનેક ગામો સકંજામાં આવી ગયા છે. ઉત્તરપ્રદેશમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ચાર ટીમો તૈનાત કરવામાં આવી છે. બે હેલિકોપ્ટર પણ રાખવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં સતત બીજા દિવસે સેનાને એલર્ટ રાખવામાં આવી હતી. કારણકે, ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. સેનાના હેલિકોપ્ટરો દ્વારા ખાવા-પીવાની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાજ્ય સરકારે રાહત કામગીરી માટે ૫૧ કરોડ રૂપિયા જારી કર્યા છે. સ્થિતી પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

ભાજપ અને જેએમએમ કાર્યકરો વચ્ચે મારામારી

રાંચી, તા.૨૩

ઝારખંડમાં ભાજપ અને જેએમએમના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ આજે થઈ હતી. રાંચીમાં વિમાનીમથક નજીક કેન્દ્રીય પ્રધાન નરેન્દ્રસિંહ તોમરની યાત્રા દરમિયાન કાળા ધ્વજ દર્શાવવામાં આવ્યા હતા. બંને પાર્ટીના કાર્યકરો તોમરની યાત્રા દરમિયાન આમને સામને આવી ગયા હતા. શાસક પક્ષના દેખાવકારો આક્રમક મૂડમાં દેખાયા હતા.

મુખ્યમંત્રી હેમંત સોરેનનું અપમાન કરવામાં આવ્યા બાદ આ મુદ્દે માફી માંગવાની માંગણી કરવામાં આવી હતી. જેએમએમના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્ટીલ અને ખાણ પ્રધાનનો કાફલો હિનુચોક ખાતેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આ હિંસક અથડામણ થઈ હતી જેમાં કેટલાક કાર્યકરોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગુરુવારના દિવસે ધુરવા વિસ્તારમાં પ્રભાતતારા ગ્રાઉન્ડ ખાતે એક કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ભાજપના કાર્યકરોએ સોરેનનું અપમાન કર્યુંહતું. મોડેથી જેએમએમે નિવેદન જારી કરીને કહ્યું હતું કે, ઝારખંડની યાત્રા દરમિયાન કોઈપણ પ્રધાન સામે દેખાવ કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી સૌથી મોંઘી બની શકે

મુંબઇ,તા. ૨૩

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાય તેવી શક્યતા છે. મહારાષ્ટ્રમાં યોજાનારી ચૂંટણી ભારતના ઇતિહાસની સૌથી મોંઘી ચૂંટણી સાબિત થાય તેવી શક્યતા છે. આવી સ્થિતીમાં સવાલ એ છે કે આ નાણા આવશે ક્યાંથી. હાલમાં આને લઇને ચર્ચા ચાલી રહી છે. રાજકીય નેતાઓ અને નિષ્ણાંતોએ એક અખબાર સાથે વાતચીતમાં કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો પર ચૂંટણીમાં ૨૦૦૦ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી ગઠબંધન અને શિવ સેના-ભાજપ વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેનાર છે. કેટલાક વિસ્તારોમાં રાજ ઠાકરેના મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દ્વારા પડકાર ફેંકવામાં આવી શકે છે. ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા એક ઉમેદવાર માટેની ૨૮ લાખ રૂપિયાબે કરોડ છે. પરંતુ મોટી પાર્ટીના ઉમેદવારો બે કરોડથી લઇને ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. ગ્રામીણ મતવિસ્તારોની સરખામણીમાં શહેરી મતવિસ્તારોમાં આ આંકડો વધારે રહી શકે છે. રાજકીય પાર્ટીમાં સુત્રોએ કહ્યું છે કે જો મતવિસ્તારમાં તમામ ઉમેદવારો દ્વારા રકમ પાંચ કરોડ પણ ગણવામાં આવે તો આંકડો ૧૫૦૦ કરોડ સુધી પહોંચી જાય છે. આ વખતે યોજાનારી ચૂંટણીને લઇને ભાજપે તમામ તાકાત દાવ પર લગાવી દીધી છે. છેલ્લા દશકમાં રણનિતી જુદી જુદી હતી. જો કે આ વખતે સ્થિતી બદલાઇ ગઇ છે. મોટા શહેરોમાં ઉમેદવારો દ્વારા જંગી ખર્ચ કરવામાં આવનાર છે. મુંબઇ, પુણે અને અન્ય મોટા શહેરોમાં ખર્ચ કરવામાં આવનાર રકમને લઇને ભારે ચર્ચા છે.

અમિત શાહ આજે જમ્મુ કાશ્મીરના પ્રવાસે રહેશે

નવી દિલ્હી,તા. ૨૩

જમ્મુ-કાશ્મીરમાં તમામ લોકો સુધી પહોંચવાના હેતુસર ભાજપે હવે મિશન-૪૪ ઉપર કામગીરી શરૂ કરી દીધી છે. આગામી વિધાનસભાની ચુંટણીમાં મિશન-૪૪ને ધ્યાનમાં લઈને ભાજપ આગળ વધનાર છે. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આવતીકાલે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લેનાર છે. ભાજપ પ્રમુખ અમિત શાહ જમ્મુ-કાશ્મીર પહોંચ્યા બાદ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. પક્ષ પ્રમુખ તરીકે નિમણૂંક કરાયા બાદ અમિત શાહની આ પ્રથમ મુલાકાત રહેશે. તેમની યાત્રા દરમિયાન અમિત શાહ સોમવારના દિવસે જમ્મુપ્રદેશની કઠુઆ જિલ્લાની જાહેરસભાને સંબોધશે. હાલમાં જ લોકસભાની ચુંટણી દરમિયાન ભાજપે મિશન ૨૭૨ પ્લસ હાથ ધર્યા બાદ આવી જ રીતે આમાં પણ આગળ વધવામાં આવશે. મિશન ૨૭૨ પ્લસમાં સફળતા મળ્યા બાદ હવે ભાજપે જમ્મુ કાશ્મીરમાં પણ નજર કેન્દ્રીત કરી છે.

પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં સ્થિતી સુધારવા મુલાયમ મક્કમ

લખનૌ,તા. ૨૩

તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયા બદા ચિંતિત બનેલા

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહે પક્ષની સ્થિતીને ફરી મજબુત કરવાના પ્રયાસ હાથ ધર્યા છે. જેના ભાગરૂપે કેટલાક નિર્ણય પણ કરવામાં આવ્યા છે. સમાજવાદી પાર્ટીથી નાખુશ થયેલા લોકોનો સંપર્ક કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ખાસ કરીને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં હાલ મુલાયમ સિંહે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દાખલા તરીકે હાલમાં મુલાયમસિંહે આઝમગઢ બેઠકને જાળવી રાખવાનો મુલાયમે નિર્ણય કર્યો હતો. જ્યારે તેમની મૈનપુરી સંસદીય બેઠક ખાલી કરી હતી. જો કે વર્ષ ૨૦૧૪માં મૈનપુરીમાં પણ મુલાયમને કોઈ વધારે મત તેમના હરિફ ભાજપના ઉમેદવાર કરતા મળ્યા ન હતા. મુલાયમને મેનપુરીમાં વર્ષ ૨૦૧૪માં ખુબ વધારે મત મળ્યા ન હતા. ભાજપની વધતી જતી તાકાતને ધ્યાનમાં લઈન મુલાયમ જુદી જુદી રણનિતી અપનાવી રહ્યા છે. અમરસિંહ સાથે મુલાયમે ફરી મિત્રતા કરી છે. આ પગલાને પણ આ દિશામાં હિલચાલ તરીક જોવામાં આવે છે. પેટાચૂંટણી સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહની નવી સમસ્યા બની છે. હાલમાં માહોલ ભાજપ તરફી છે. અજિત સિંહ તેમને નોઈડા, સહારનપુર સહિત કેટલીક જગ્યાએ પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં મદદ કરી શકે છે. કારણ કે જાટ સમર્થન મળી શકે છે. અમરસિંહ તેમના માટે મેનપુરીમાં પ્રચાર કરી શકે છે અને રાજપુત સમુદાયનો ટેકો મળી શકે છે.

લોકસભાની ચૂંટણીમાં હાલમાં જ રાજપુત સમુદાયના લોકો ભાજપની સાથે દેખાયા હતા. નરેન્દ્ર મોદી અને અમિત શાહની હાજરી ઉત્તરપ્રદેશમાં મુલાયમ માટે તકલીફ ઉભી કરી રહી છે.

સમાચાર ઝલક

- એર ચેમ્પીયનશીપ-૨૦૧૪ ઈંગ્લેન્ડમાં યોજાઈ.
- ચંદીગઢ નજીક બસ અકસ્માતમાં પાંચના મોત : ૪૦ ઘાયલ.
- કાશ્મીરના અખનુર સરહદ પર પાકિસ્તાને બીછાવેલી સુરંગ પકડાઈ.
- મહારાષ્ટ્રમાં પ્રધાન ઉપર કાળી શાહ છાંટતા શિવ સૈનિકો.
- અમદાવાદની જાણીતી જગ્યાઓ પર મચ્છરોના બ્રીડીંગ મળ્યા.
- ભારતની સારી શૈક્ષણિક સંસ્થાઓમાં અમદાવાદ-ગાંધીનગરની સંસ્થાઓનો સમાવેશ. ગુજરાત કોલેજ પ્રથમ નંબરે.
- મોરબીમાં સફાઈ મુદ્દે સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા.
- તમામ પ્રાથમિક શાળાઓમાં અધિકારીઓએ મુલાકાત લેવા મુખ્યમંત્રી આનંદીબેનની સુચના.
- અરવલ્લી જિલ્લામાં ધીમી ધારે વરસાદનું આગમન. વાતાવરણમાં પલટો.
- મુંદ્રા બંદર પર બે વિદેશીઓના રહસ્યમત મોત.
- એમ્સ હોસ્પિટલ દિલ્હીમાં નકલી દવાઓનું વિતરણ.
- પટના પુરથી ભારે તબાહી, અનેક કુટુંબોને અસર.
- તિસ્તા સેતલવડે ટવીટર પર દેવી-દેવતાના ફોટા મુકવાથી ભારે વિવાદ સર્જાયો.
- ઉદેપુરમાં જૈન સાધુ પ્રાચીન મુર્તિઓ ચોરી કરતાં ઝડપાયો.

વિગેરે વિગેરે

● **અનુસંધાન બીજાનું ચાલુ**

બ્રાન્ડ ઘોષિત થયેલી આ ચાઈનીઝ મોબાઈલ કંપની એ હવે ચાઈના બહાર પોતાનો પગપેસારો ચાલુ કર્યો છે. હજુ તો ઓગસ્ટ ૨૦૧૧ એટલે કે અંદાજે ૩ વર્ષ પહેલા જ પોતાનો પહેલો સ્માર્ટ ફોન રજુ કરનાર આ કમ્પની એ જોતજોતામાં માર્કેટમાં જોરદાર હાજરી નોંધાવી દીધેલી છે. પોતાના નવા સ્માર્ટ ફોન ફક્ત ફ્લીપ્કાર્ટ નામની ઈ-શોપિંગ સાઈટ પર જ વેચતી આ કમ્પનીનો છેલ્લો ફોન એમઆઈ -૩ ગણતરીની સેકન્ડોમાં જ ઓનલાઈન આઉટ ઓફ સ્ટોક થઈ ગયેલો.

ઝીઓમી તો એક પ્યાદું માત્ર છે, એના ઉપરાંત માઈક્રોમેક્સ, લાવા, એસર, ઝોલો, સ્પાઈસ અને અમુક અંશે બ્લેકબેરી અને નોકિયા જેવા મોબાઈલ ઉત્પાદકો પણ પોતાની ઓછી કિંમત અને અમુક અંશે ટેકનોલોજીમાં નવીનતાને લીધે સેમસંગ, એપલ અને સોની જેવા રેગ્યુલર ખેલાડીઓને હરાવતા રઝાા છે. સરવાળે ચિત્ર એવું ઉપસતું જાય છે કે વધુ કીમતોની સરખામણીમાં ઝીઓમી જેવા ૨૦૦૦૦ની આસપાસ મળતા કે માઈક્રોમેક્સનાં કેનવાસ સીરીજનાં લગભગ એ જ કીમતમાં મળતા હેન્ડસેટ બજારમાં નોંધપાત્ર પ્રમાણમાં વેચાતા થયા છે. આપણે ઉપર આંકડા જોયા એમાં નોકિયાનું તો ક્યાય નામ જ નથી. એક સમયે માર્કેટમાં બિનહરીફ લીડર ગણાતું નોકિયા અત્યારે અન્યની કેટેગરીમાં આવી ગયું છે પણ તોયે ભાંગ્યું ભાંગ્યું તોયે ભરુચની જેમ લુંમીયા સિરીઝે નોકિયામાં થોડો ઘણો પ્રાણ ફુંકવાનું કામ કર્યું છે પરંતુ સેમસંગ અને એપલનાં વાવાઝોડામાં એ કેટલો સમય ટકી શકશે અથવા તો એના હાલ હવાલ પણ બ્લેકબેરી જેવા જ થશે કે શું એ તો સમય જ કહેશે.

અહી એપલ નબળી કે સેમસંગ શ્રેષ્ઠ એવું કહેવાનો ઈરાદો નથી પણ કદાચ પહેલી જ વાર આ બંને કંપનીઓ પોતાની અભિમાની અવસ્થામાંથી બહાર નીકળીને ગ્રાહકો પ્રતિ ઢળતી જાય છે અને સરવાળે એ બહાને અસ્તિત્વ ટકાવી રાખવાની હોડ ટોચની મોબાઈલ કંપનીઓમાં શરુ થઈ ચુકી છે. ટોચના સ્થાને પહોચવા માટે કે પછી પહોચી ગયા પછી ટકાવી રાખવા માટેનું યુદ્ધ છેડાઈ ગયું છે. ટોપની કંપનીઓ સેમસંગ, એપલ, એલજી, સોની વધુ ને વધુ હેન્ડસેટ વેચવા અને વધુ ને વધુ ગ્રાહકોને આકર્ષવા પોતાના નીતિ અને નિયમોમાં ઢીલ આપી રહી છે અને એની શરૂઆત કદાચ પહેલી જ વાર ભાવઘટાડાથી શરુ થઈ છે. એપલ પોતાની રીતે શ્રેષ્ઠ છે જ અને એ જ રીતે સેમસંગ કે બીજી સ્થાપિત અને બ્રાન્ડેડ કંપનીઓની પ્રોડક્ટો પણ છે જ પરંતુ બજારનાં નાના પ્લેયરો દિવસે દિવસે વધુ જોરાવર થતા જાય છે અને લેન્નાર વર્ગને એ ખ્યાલ નથી હોતો કે ભાવ ફરકની સીધી અસર વસ્તુની ક્વોલીટી અને ટકાઉપણા પર આવે છે પરંતુ ટોચની કંપનીઓએ એ સમજાવવાને બદલે ગ્રાહકને મળતા મોબાઈલની આસપાસનાં ભાવે પોતાના હેન્ડસેટ વેચવાની શરૂઆત કરી છે એનો સરવાળે ફાયદો તો કસ્ટમર ને જ થવાનો છે અને થઈ રઝાો છે.

આ મોબાઈલ - ગાથા વાચી ને જો તમે પણ એપલ કે સેમસંગ કે બીજી ઉંચા ભાવવાળી પ્રોડક્ટ કે જે હવે સસ્તી થઈ રહી છે એ ખરીદવાનું વિચારતા હોવ તો આ લખનારની સલાહ છે કે હજુ એકાદ મહિનો રાહ જોઈ જાવ કેમકે હેન્ડસેટ - હેન્ડસેટની આ લડાઈમાં અંતે તો તમારા હાથમાં જ લાડવો આવવાનો છે...!!!

રીમાઈન્ડર -

એપ્રિલ ૨૦૧૪ નાં એક રીપોર્ટ મુજબ સ્માર્ટફોન્સની પડતર કીમત - પ્રોડક્શન કોસ્ટ - આઈફોન ૫-એસ ૧૬ જીબી (૧૨૦૦૦ રૂ.), સેમસંગ ગેલેક્સી એસ-૫ (૧૬૦૦૦ રૂ.), એચટીસી - વન (૧૫૦૦૦ રૂ.)

આમિર ખાનની પીકેને લઈને વિવાદ અકબંધ

મુંબઈ,તા. ૨૩

મુંબઈની સિવિલ કોર્ટે ફિલ્મ પીકેની રજૂઆત અને પોસ્ટર ઉપર પ્રતિબંધ [illegible] કરી તેની સામે દા[illegible] સીવિલ દાવાનો જવાબ [illegible] આમિર ખાનને અ[illegible] જજ એમએચ શર્મા દ્વા[illegible]ર ખાનને આ મુ[illegible]માં આવ્યો હતો.



[illegible]ર ખાને જવાબ [illegible]ા માટે રવિવાર [illegible]ી મહેતાલ [illegible]માં આવી છે. [illegible]લતા અને [illegible]ના કેસ આમિર [illegible]મે બને છે કે કેમ [illegible]ી તૈયારી કરવા વકીલને [illegible]વામાં આવ્યું છે. [illegible] પોસ્ટરમાં ન્યૂડ નજરે પ[illegible]ા લોકોએ આમિર [illegible] જાહેરાતને લઈને જોરદાર [illegible]ાવ્યો છે. મહિલા સં[illegible] મેદાનમાં આવી ચુકી છે. [illegible]ા નિર્માતા વિદુ વિ[illegible]ર્દેશક રાજકુમાર હિરાણી [illegible] સંદર્ભમાં પ્રતિક્રિ[illegible]ામિર ખાન એક સારો અ[illegible] છે અને તેની લોકો[illegible] ઈમેજ છે પરંતુ પબ્લિસી[illegible] પોસ્ટરમાં ન્યુડ નજ[illegible] શરમજનક કૃત્ય કર્યું છે જે[illegible]ી અશ્લિલ ઈમેજ [illegible].